## બનાસકાંઠા જિલ્લાનાદાંતા તાલુકામાં ૪૦ જેટલા ગામોમાં પાણીની વિકટ સમસ્યા

બનાસકાંઠા જિલ્લાનાદાંતા તાલુકાના ૨૮૬ ગામો પેકી ૪૦ ગામોમાં પીવાના પાણીની સમસ્યા છે. અંતરિયાળ વિસ્તાર કે જ્યા હેન્ડપંપ આધારિત સુવિધા હતી ત્યાં ટેક્રર દ્વારા પાણીની સુવિધા ઉપલબ્ધ કરવા માં આવી રહી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ ગણપતભાઇ કે. જોષીનો અહેવાલ જણાવે છે કે ,૭૫ ટેક્રરના ફેરા દ્વારા પાણી પુરવઠો પૂરો પાડી રહ્યા છે. અંતરિયાળ વિસ્તારના ગામોના ફળીયામાં ઉનાળાની ગરમીમાં હેન્ડ પમ્પ પણ ફેઈલ થઈ જવાના કારણે ફળીયા વિસ્તારોમાં સમસ્યા ઉદભવી છે. તંત્રે જણાવ્યું હતું કે ‘વસતિના આધારે ટેક્રર દ્વારા પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે. જોકે આ ટેક્રરોને જી.પી.એસ. સિસ્ટમથી કનેક્ટ કરવામાં આવ્યા છે. જીલ્લા કક્ષાએથી સંચાલન કરવામાં આવતી ખાનગી એજન્સી દ્વારા પાણીનો સપ્લાય કરવામાં આવી રહ્યો છે. જેમાં ઉનાળાના અંતે જી.પી.એસ.ના ડેટા અને સરપંચોના સહી કરેલા વાઉચરોને ટેલી કરી બન્ને માંથી જે ઓછું થતું હશે તે ચુકવણું કરવામાં આવશે.

## પાલનપુરના માલણ દરવાજા ડમ્પિંગ સાઈડ પર ૨૦૦ કિલો સડેલા બટેકા ફેંકી દેવાતા ગાયો આરોગવા લાગી



પાલનપુર શહેરના માલણ દરવાજા વિસ્તારમાં આવેલી ૪૦ ફૂટ ઊંચી ડમ્પિંગ સાઈડ પરના મુખ્ય માર્ગ પર જ ગુરુવારે સવારે કોઈ અજાણ્યા સખશોએ ૨૦૦ કિલોથી વધુ સડેલા બટાટા ફેંકી દીધા હતા. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ ગણપતભાઈ કે.જોષીનો અહેવાલ જણાવે છે કે ,જે બટાટા ડમ્પીંગ સાઈટ પર કચરો આરોગતી ગાયો આ સડેલા બટાટા આરોગવા લાગી ગઈ હતી. આ સાઈટ પર ૨૪ કલાક આગ લાગેલી હોવાથી વાહનો ઉપર જતા નથી અને રોડ પર જ કચરો નાખી દે છે. તે આ માર્ગ પરની અવરજવર પાલિકાના પાપે છેલ્લા કેટલાય મહિનાઓથી બંધ થઈ ગઈ છે. નગરપાલિકાને સ્વચ્છતા રેંકમાં સારી બતાવવા માત્ર કાગળ પરની કાર્યવાહી વચ્ચે આવી લાપરવાહીઓ રેંક મળવા દેતી નથી. અને માનીતા લોકોના ફિડબેક લેવડાવી તંત્રની આંખોમાં ધૂળ નાખવામાં આવી રહી છે.

## મુખ્યમંત્રીએ ધાનેરાની રાજ મંદિર સિનેમા ખાતે ભાજપ અગ્રણીઓ તેમજ કાર્યકર્તાઓ સાથે મિટિંગ યોજી




ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજે ધાનેરા ખાતે પધાર્યા હતા. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે , રાજમંદિર પ્લાઝા ખાતે આવેલ રાજ મંદિર સિનેમામાં ભાજપ અગ્રણીઓ તેમજ ભાજપ કાર્યકર્તાઓ સાથે બેઠક યોજી હતી. અને આવનારી ચૂંટણીને લઈ વિવિધ ચર્ચાઓ પણ કરવામાં આવી હતી તો બીજી તરફ મુખ્યમંત્રીના આગમન ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે.

## ગુ. ભાજપ સહકારીતા સેલના સંયોજક બિપીનભાઈ પટેલની ઉપસ્થિતિમાં હિંમતનગરમાં સહકારીતા સેલ દ્વારા બેઠક યોજાઈ



આગામી ૨૮મી મેના રોજ ગાંધીનગર ખાતે મહાત્મા મંદિરે સમગ્ર રાજ્યનું પ્રથમ સહકાર સંમેલનનું આયોજન કરવામાં આવેલ છે જેમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રના સહકાર મંત્રી અને ગૃહમંત્રી અમિતભાઈ શાહ ની ઉપસ્થિતિમાં મળનારું સહકાર સંમેલનના આગોતરા આયોજન માટે આજરોજ હિંમતનગરમાં સાબરકાંઠા જિલ્લા અને અરવલ્લી જિલ્લાના સહકારી આગેવાનોની ઉપસ્થિતિમાં બેઠક યોજાઇ હતી. જેમાં પ્રદેશ ભાજપ સહકારીતા સેલના સંયોજક બિપીનભાઈ પટેલે માર્ગદર્શન આપી જણાવ્યું કે હવે સહકારી સંસ્થાઓ ભાજપનું વટવૃક્ષ બની ગયું છે સહકારી સંસ્થાઓ ભાજપમાં હસ્તક આવ્યા પછી સંસ્થાઓનો વિકાસ કર્યો છે અને નુકસાનમાંથી નફો પણ કર્યો છે. આગામી ૨૮મી મેના રોજ વિશાળ સહકાર સંમેલનમાં સહકાર વિભાગ દ્વારા છેવાડાના માનવીનો સહકારીતા દ્વારા કેમ મદદરૂપ થઈ શકાય તેમજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈનું ધ્યેય છે ખેડૂતોની આવક બમણી થાય એ વિશે પણ વિવિધ યોજનાઓ થકી માર્ગદર્શન આપવામાં આવશે. આ પ્રસંગે સાબરકાંઠા બેક્રના ચેરમેન મહેશભાઈ પટેલે સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી જણાવેલ કે, આપણા બંને જિલ્લામાંથી દસ હજાર ઉપરાંત સહકારીતા સાથે જોડાયેલા આગેવાનો ને લઈ જવાના છે એ વિશે દરેક તાલુકા વાઈઝ જવાબદારી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં જિલ્લા ભાજપ પ્રભારી ભરતભાઈ આર્ય, જિલ્લા ખરીદ-વેચાણ સંઘના ચેરમેન જેઠાભાઈ પટેલ, જમીન વિકાસ બેક્રના વાઈસ ચેરમેન ફલજીભાઈ પટેલ, અમદાવાદ જિલ્લાના પ્રભારી પૃથ્વીરાજ ભાઈ પટેલ, સાબરડેરીના ચેરમેન શામળભાઈ પટેલ, પ્રદેશ સહકાર વિભાગના જશુભાઈ પટેલ, અરવલ્લી જિલ્લા સંઘના ચેરમેન પ્રભુદાસભાઈ પટેલ સહિત બન્ને જિલ્લાના તમામ સહકારી આગેવાનો હાજર રહેલ. સાબરકાંઠા બેક્રના ચેરમેન મહેશભાઈ પટેલ અને જશુભાઈ પટેલે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

## પાલનપુરમાં બનાસ બેંકના ચેરમેનની ૨૪મીએ ચૂંટણી

બનાસ બેંકની ૨૪મીએ નવા ચેરમેન પદ માટેની ચૂંટણી થશે, ચેરમેન પદ હાંસલ કરવા માટે જુદા જુદા ડિરેક્ટર પોત પોતાની રીતે લોબિંગ કરી રહ્યા છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ ગણપતભાઈ કે .જોષીનો અહેવાલ જણાવે છે કે, વખતે પણ ભારતીય જનતા પાર્ટી દ્વારા જેમને મેન્ડેડ અપાશે તે ઉમેદવારી કરશે. હાલમાં સવસી ભાઈ પટેલ, ડાહ્યા ભાઈપિલિયાતર અને માવજી ભાઈપટેલના નામો ચર્ચામાં છે. ૫ મહિના અગાઉ અણદાભાઈને બેંકનું સુકાન સોંપાયું હતું પરંતુ ભારતીય જનતા પાર્ટી દ્વારા તેમની પાસેથી રાજીનામું લેવાઈ ગયું હતું. નવા ચેરમેન ને લઈ રાજકીય ગતિવિધિઓ તેજ બની છે.

# મોડાસા-ધનસુરા હાઈવે પર આલમપુર ગામ નજીક ધડાકાભેર ટ્રિપલ અકસ્માતમાં આગ

### ૫ મોતની આશંકા, ૧૦ કિમી ટ્રાફિકજામ, તંત્ર ખડેપગે

મોડાસા. તા. ૨૧

રાજયમાં વાહનચાલકો બેફામ વાહન હંકારતા સતત ગમખ્વાર અકસ્માતની ઘટનાઓમાં માનવ જીંદગી હોમાઈ રહી છે મોડાસા - ધનસુરા હાઈવે પર ઓવરટેક કરવાની લાહ્યમાં ત્રણ ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો એક ટ્રકમાં કેમિકલ ભરેલું હોવાથી ધડાકાભેર અવાજ સાથે ભીષણ આગ લાગતા ત્રણે ટ્રક આગની લપેટમાં આવી ગયા હતા જેમાં બે લોકો ભડથું થઈ ગયા હતા આ અકસ્માતમાં ૫ લોકોના મોતની આશંકા વ્યક્ત કરાઈ છે ભીષણ આગના ધુમાડાના ગોટેગોટા દૂર દૂર સુધી જોવા મળ્યા હતા અકસ્માત નજીક એક વ્યક્તિ સળગતી હાલતમાં ખેતરમાં આળોટતા અરેરાટી ભર્યા દ્રશ્યો સર્જાયા હતા. આલમપુર ગામ નજીક ગમખ્વાર ટ્રિપલ અકસ્માત સર્જાતા SP સંજય ખરાત ,RTO અધિકારી મોઢ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. મોડાસા ફાયરબ્રિગેડ ટિમ ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબુ મેળવવા પ્રયત્ન હાથધર્યા હતા ઘટનાની ગંભીરતાના પગલે જીલ્લા કલેક્ટર ડૉ.નરેન્દ્ર મીણાએ ઘટનાસ્થળની મુલાકાત લઈ બે લોકોના મોતની પુષ્ટિ કરી અંદર હજુ બે ત્રણ લોકો હોવાની શંકા વ્યક્ત કરી હતી મોડાસા-અમદાવાદ અને નડિયાદને જોડતા આ હાઈવે પર ૧૦ કિલોમીટર સુધી ટ્રાફિક જામ



સર્જાયો હતો પોલીસતંત્ર ખડેપગે ઉભા રહી વાહનવ્યહાર ડાયવર્ટ કરી દેવામાં આવ્યો હતો સવારે ૧૦ વાગ્યાની આસપાસ સર્જયેલ ટ્રિપલ અકસ્માતમાં ભીષણ આગ ફાટી નીકળતા ફાયરબ્રિગેડે ભારે જહેમત બાદ બપોરે આગ પર કાબુ મેળવ્યો હતો ત્રણે ટ્રક આગમાં ખાખ થઈ ગઈ હતી ટ્રકમાં કેમિકલ ભરેલ હોવાથી વધુ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસે ઘટનાસ્થળેથી લોકોના ટોળેટોળા દૂર કરવા સમજાવટ પૂર્વક કાર્યવાહી કરી હતી. શનિવારે સવારે ૧૦વાગ્યાના સુમારે મોડાસા-અમદાવાદ હાઈવે પર આલમપુર ગામ નજીક ત્રણ ટ્રક વચ્ચે ટ્રિપલ અકસ્માત સર્જાતા એક ટ્રકમાં કેમિકલ ભરેલ હોવાથી ધડાકાભેર આગ લાગતા ત્રણે ટ્રક આગની લપેટમાં આવી ગયા હતા અકસ્માતની ગણતરીના સેકન્ડમાં આગ ફાટી નીકળતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા ભીષણ આગના પગલે ત્રણ ટ્રકમાં અંદાજે ૫ થી વધુ લોકો જીવતા ભૂંજાઈ ગયાની આશંકા વચ્ચે બે લોકોની બળેલી હાલતમાં તંત્રને લાશ મળી આવી હતી ગમખ્વાર અકસ્માતમાં આગ ફાટી નીકળતા સ્થાનિક લોકો અકસ્માતનો ભોગ બનેલ લોકોને બચાવવામાં નિઃસહાય બન્યા હતા અકસ્માતની ઘટનાના પગલે જીલ્લા પોલીસતંત્ર, જીલ્લા વાહનવ્યવહાર તંત્ર અને વહીવટી તંત્ર ઘટનાસ્થળે પહોંચ્યું હતુ મોડાસા નગરપાલિકા ફાયર બ્રિગેડની ટિમ ઘટનાસ્થળે પહોંચી પાણી અને ફોમનો મારો ચલાવી આગ પર ભારે જહેમત બાદ કાબુ મેળવ્યો હતો આ અકસ્માતમાં બે લોકોના મોત થયાનું તંત્રે પુષ્ટિ કરી વધુ ત્રણેક મોતની આશંકા વ્યક્ત કરી છે આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી આ અકસ્માતની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ નથી પોલીસ તંત્ર મોતનો ચોક્કસ આંકડો મેળવવા ખડેપગે ઘટનાસ્થળે ઉભું છે. સ્થાનિક લોકોએ અકસ્માતમાં ૫ થી વધુ લોકોના મોત નિપજ્યા હોવાનું માની રહ્યા છે સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર અકસ્માત પછી બોમ્બબ્લાસ્ટ જેટલો ધડાકો દૂર દૂર સુધી સંભળાયો હતો.

## વડાલીની ૪ જીનમાંથી મળેલ કપાસના શંકાસ્પદ બિયારણોનો માણલો સગેવગે કરવાની પેરવી

### અધિકારીઓની મોટા પાયે મિલીભગતના આરોપ : બેનામી મિલ્કતોની એસ.સી.બી. દ્વારા તપાસ જરૂરી

બાયડ, તા. ૨૧

વડાલીની ૪ જીનમાંથી ૧૯૦૦૦ કિ.ગ્રા. શંકાસ્પદ કપાસના બિયારણનો જથ્થો સીઝ કર્યા પછી ૧૦ દિવસ પછી પણ તપાસ ઠેરની ઠેર રહીછે. મામલો રફેદફે કરવા અને જીનસોને ઊણી આંચ ન આવે તે માટે મોટી લેતીદેતી આચરી મામલો સગેવગે કરાયાની લોકચર્ચા છેડાઈ છે. મુખ્યમંત્રી દ્વારા સમગ્ર મામલે તપાસ થાય તો ખેતી વિભાગ (કવોલિટી)ના અનેક અધિકારીઓની સાથે સચિવાલય સુધી રેલો પહોંચી શકે છે. જયારે ખેડૂતોને દર વર્ષે શંકાસ્પદ બિયારણ પધરાવનારાઓ પાસેથી ભ્રષ્ટ અધિકારીએએ લાખોની કટકી કર્યાની આશંકા છે જેથી એ.સી.બી. દ્વારા તેમની બેનામી સંપત્તિની તપાસ પણ જરૂરી છે. પ્રાપ્ત જાણકારી અનુસાર ગત તા. ૧૦મી મેના રોજ ખેતી વિભાગને મળેલી બાતમીના આધારે વડાલીની એવરેસ્ટ, વિશ્વાસ, આનંદ અને યોગેશ્વર જીનીગમાંથી ૩૪ સેમ્પલ લઈ કપાસના બિયારણનો ૧૮૭૮૫ કિલો જથ્થો સીઝ કરી બિયારણ અંગે લેબોરેટરી પરીક્ષણ માટે નમૂના મોકલ્યા છે. પરંતુ ખિસ્સાં ભરીને તમામ રિપોર્ટ જીનર્સ તરફી રિપોર્ટ આવે તેવી ગોઠવણ થઈ હોવાની લોકચર્ચામાં કેટલું તથ્ છે તે સમય આવે ખ્યાલ આવશે પરંતુ અધિકારીઓની બદલી પછી જીનર્સોના ત્યાં શંકાસ્પદ બિયારણો જથ્થો પકડાવવાની બાબત ભ્રષ્ટ બાબુઓમાં ચર્ચામાં છે. જયારે જીનર્સોએ પોતાને બચાવ થાય અને શંકાસ્પદ બિયારણના જથ્થામાં ભેરાઈ ન જાય તેવી ગોઠવણ ગાંધીનગર પહોંચીને પાર પાડવાની ચર્ચાએ ખેડૂતોને ચિંતામાં મુકી દીધા છે. સાબરકાંઠાના ખેતી અધિકારીઓનો ભ્રષ્ટાચાર જગજાહેર છે. અગાઉ પણ વડાલીની જીનીંગમાં દરોડા બાદ બધું જ સમુસુતરુ કરી દેવામાં આવ્યું હતું. તે જોતાં આ કેસમાં પણ ભ્રષ્ટ અધિકારીઓએ ખિસ્સા ભરી જીનર્સોની તરફદારી કરતો રિપોર્ટ આવે તે રીતે ફીક્સીંગ કર્યાની ચર્ચા સમગ્ર જીલ્લામાં સંભળાઈ રહી છે.

**કરોડોની સંપત્તિમાં આળોટતા જીનર્સો**

જિલ્લામાં વડાલી - ઈડર પંથકમાં કેટલાક જીનર્સો કરોડોની સંપત્તિમાં આળોટતા હોવાનું લોકો - ખેડૂતો કહી રહ્યા છે. જયારે એકબીજામાંથી પાર્ટનરશીપ છોડી નવી જીનીંગ ઊભી કરનારા વચ્ચેની અંદરોઅંદરની લડાઈણાં ભ્રષ્ટ સરકારી બાબુઓના સહારા લઈ નકલી બિયારણ ઝડપી પાડવાનો ખેલ ચાલતો હોવાનું પણ જાણવા મળ્યું છે.

## માલપુરમાં મોંઘવારીથી વ્યથિત ચાની કીટલીવાળાએ હાઈવે ઉપર આળોટી વિરોધ દર્શાવ્યો : ટ્રાફીકજામ થતાં પોલીસ દોડી

### અચાનક મોંઘવારીના રટણ સાથે રોડ ઉપર આળોટતાં આશ્ચર્ય

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૨૧

દેશભરની પ્રજા વધતી જતી મોંઘવારીથી પરેશાન બની છે ત્યારે અરવલ્લીના માલપુરમાં મોંઘવારીથી ત્રસ્ત ચા ની કીટલીવાળાએ હાઈવે માર્ગ ઉપર આળોટી હંગામો કરતાં ટ્રાફીકજામના દ્રશ્યો સર્જાયા હતા. મોંઘવારીના રટણ સાથે ચા વાળો રોડ ઉપર ચત્તોપાટ થઈ જતાં પોલીસ દોડતી થઈ હતી. ચારેકોર મોંઘવારીના માહોલ વચ્ચે માલપુર એસ.ટી. સ્ટેન્ડ નજીક ચા ની કીટલી ચલાવનારા વાસજીપુરના ઈસમનો મોંઘવારીનો ગજબ વિરોધ જોઈ લોકટોળાં આશ્ચર્યમાં મૂકાયાં હતાં.

મોંઘવારીના કારણે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોનું જીવન હાલાક ડોલક થયું છે. તેલ, કઠોળ, ઘી, રાંધણ ગેસ, ઈધણ સહિતની જીવન આવશ્યક ચીજવસ્તુઓના ભાવ વધ્યા હોવાથી ઘરનાં બજેટ ખોરવાયાં છે. હવે વધતી જતી મોંઘવારીએ આમઆદમીના માનસ ઉપર ઘેરી અસર કરી હોય તેવો કિસ્સો માલપુરમાં જોવા મળ્યો. બસ સ્ટેશન નજીક ચા વેચી ઘરનું ગુજરાન ચલાવનારા વાસજીપુર ગામના સોમાજી ભેમાજી ખાંટ મોંઘવારીથી એટલી હદે ત્રસ્ત થઈ ગયા કે મોંઘવારી.મોંઘવારીની બુમો સાથે મંગળવારે માલપુર ચોકડી નજીક હાઈવે માર્ગ ઉપર આળોટવા લાગતાં મોટાં લોકટોળાં એકત્ર થઈ ગયાં હતાં. મોંઘવારી વધી હોવાના રટણ સાથે ચા ની કીટલી ચલાવનારે હાઈવે ઉપર અવર જવર કરતા વાહનોની પરવા કર્યા વિના રોડ ઉપર ચત્તાપાટ થઈ ગુલાંટો ખાવા લાગતાં અનેક વાહનોનાં પૈડાં થંભી ગયાં હતાં. ઘટનાની જાણ થતાં માલપુર પોલીસ તાબડતોબ સ્થળ ઉપર દોડી હતી અને મોંઘવારીનો અજબ વિરોધ કરનાર સોમાજી ભેમાજી ખાંટને ડીટેન કરી પોલીસ સ્ટેશને લઈ જવાયા હતા. મોંઘવારી સામેની પ્રજાનો ગુસ્સો હવે ફાટ્યો હોય તેમ માલપુરમાં રોડ ઉપર આળોટવાનો આ અનોખો વિરોધ ટોક ઓફ ધ ડીસ્ટ્રીક્ટ બની રહ્યો છે.



**મોંઘવારીના કારણે વિરોધ - પી.એસ.આઈ.**

માલપુરમાં મોંઘવારીનો આશ્ચર્યજનક રીતે વિરોધ કરી રોડ ઉપર આળોટનાર ચા ની કીટલીવાળાને પોલીસે ડીટેન કર્યો છે. માલપુર પી.એસ.આઈ., સંજય કે. દેસાઈએ જણાવ્યું કે સદર ઈસમે મોંઘવારીથી કંટાળી આ પ્રકારે વિરોધ દર્શાવ્યો છે.

### વહેલી ચૂંટણીના અણસાર મળ્યા

## લાયસન્સ ધારકો પાસેથી હથિયાર જમા લેવા આદેશ: અરવલ્લી જિલ્લામાં ૭૮૨ હથિયાર જમા લેવાની તૈયારીઓ

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૧૮

આગામી વિધાનસભાની ચૂંટણી મુક્ત અને શાંતિપૂર્ણ માહોલમાં યોજવાની તૈયારીઓ શરૂ થઈ છે. રાજ્યના ગૃહ વિભાગ દ્વારા કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા માટે લાયસન્સ ધારકો પાસેથી હથિયાર જમા લેવાના દરેક જિલ્લા કલેક્ટરોને આદેશ આપતાં અરવલ્લી જિલ્લામાં હવે ટૂંક સમયમાં લાયસન્સ ધારકો પાસેથી હથિયારો જમા લેવાની કામગીરી શરૂ થશે. જિલ્લાના ૬ તાલુકામાં સ્વરક્ષણ અને પાક રક્ષણ સહિત કુલ-૭૮૨ હથિયારો જમા લેવાની તૈયારીઓ શરુ થઈ છે.

વિધાનસભાની આગામી ચૂંટણીઓ ગમે ત્યારે જાહેર થઈ શકે તે પ્રકારે તૈયારીઓ ચાલી રહી છે. રાજકીય પક્ષોએ પણ ચૂંટણીને ધ્યાનમાં રાખી અત્યારથી દાવપેચ શરુ કર્યા છે. જેમાં દરેક જિલ્લામાં કલેક્ટર અને જિલ્લા પોલીસ વડાની કમીટી રચી કાયદો વ્યવસ્થાની સ્થિતિને ધ્યાનમાં રાખી ચૂંટણીને અનુલક્ષી હથિયાર જમા લેવા માટે ઉચ્ચ કક્ષાએથી આદેશ આપવામાં આવ્યા છે. વહેલી ચૂંટણીના ભણકારા વચ્ચે હવે આગામી ટૂંક સમયમાં હથિયારો જમા લેવાની કામગીરી શરુ થઈ શકે છે. અરવલ્લી જિલ્લામાં સ્વરક્ષણના ૪૮૨ અને પાક રક્ષણના ૩૦૦ પરવાનેદાર હથિયાર નોંધાયેલાં છે. ચૂંટણી સમયે જિલ્લા કક્ષાએથી પણ ખાસ આદેશ કરી હથિયારો જમા લેવામાં આવતાં હોય છે પરંતુ હવે ગમે તે ઘડીએ ચૂંટણીની જાહેરાત થઈ શકે તેમ હોવાથી હથિયારો જમા લેવા માટે રાજ્ય ચૂંટણી કક્ષાએથી આદેશ આપવામાં આવ્યા છે.

## ભૂલ હાર્દિક કરી શકે... ભાજપ નહિ...

### થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....???

બાયડ તા.૨૧

ક્યારે કોઈપણ સોસીયલ લીડર પોતાની જાતને રાજકીય રીતે હીરો સમજવા લાગે ત્યારે જ તેનું અધઃપતન શરૂ થઈ જતું હોય છે. હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર, જીજ્ઞેશ મેવાણી જેવા અનેક સમાજના લીડર સમાજ હિતની વાતો કરીને રાજકીય રીતે પોતાનો રોટલો શેકવાનો મનસૂબો રાખતા હોય તેમને એક દિવસ રાતે પાણીયે રડવાનો વારો આવે છે... રાજકીય રીતે સફળ થવા માટે એક સમાજને વફાદાર રહેવાની વાત આવતી જ નથી, રાષ્ટ્રને વફાદાર રહેવાની વાત આવે છે... સમાજનો ડર કોઈપણ રાજકીય પક્ષને બતાવીને રાજકારણમાં પગપેસારો કરનાર તમામ ખોટા છે... જો ડર બતાવવો હોય તો ભારતને થતા નુકસાનનો બતાવો!! હાર્દિક જેવા તમામ આગેવાનો પોતાના હિત માટે સમાજનો ઉપયોગ કરતા હોય તો તે ખોટા છે.... અને તેમની શરતો સ્વીકારનાર પક્ષ પણ મને તો દ્વિધ્ધા માં મૂકી દે!!

હાર્દિક પટેલ હોય કે બીજો કોઈ પટેલ નેતા હોય તો તે કોઈપણ રાજકીય પક્ષને પોતાની સમાજની તાકાત બતાવી પક્ષમાં સ્થાન લેવા માંગતો હોય તો તે ખોટું છે.... હું પોતે પટેલ છું, મારુ સર્વે અને અભ્યાસ કહે છે કે હાર્દિક કે અન્ય કોઈ પાટીદાર સમાજના નેતાને રાજકીય રીતે પણ એટલાજ માનથી સમાજ સ્વીકારશે તે માનવું ભૂલ છે... સમાજની રીતે ચોક્કસ યોગ્ય છે પણ રાજકીય રીતે અમે કોઈ સામાજિક પાટીદાર નેતૃત્વને વરેલા નથી... અને હાર્દિક જેવાઓએ આ ધમકી આપવાની કોઈ પક્ષને જરૂર પણ નથી.... હાર્દિક, અલ્પેશ, જીજ્ઞેશ જેવા સામાજિક નેતાઓ પોતાની સમાજનો ઉપયોગ કરી રહ્યા છે પણ હું ચોખ્ખું કહી દઉં કે સામાજિક રીતે ભલે તે હીરો હોય પણ રાજકીય રીતે તેઓ શૂન્ય છે!! પોતાના મતલબ ખાતર આખી સમાજને ગુમરાહ કરનારા સ્વાર્થી અને દંભી લોકો છે!! અરે હાર્દિક કે બીજા કોઈ નેતાઓ કરતા ગણાય એવા પક્ષના પાયાના, વફાદાર અને હોનહાર રાજકીય આગેવાનો છે જેમણે ક્યારેય જે તે પક્ષને સમાજની ધમકી નથી આપી...

જ્યારે જોઈએ ત્યારે સમાજની ધમકી આપતો હાર્દિક, અલ્પેશ, જીજ્ઞેશ અને હજુય કેટલાક નામ છે તે તમામ પોતાની ગોદડી શીવનારા મતલબી માણસો છે... તેમનામાં સરદાર પટેલ, મહારાણા પ્રતાપ કે આંબેડકરના અંશ માત્ર નથી તો શા માટે કોઈપણ રાજકીય પક્ષ મહત્વ આપી રહ્યા છે??? પ્રત્યેક સમાજ જોડે આવા મતલબી નેતાઓ કરતા ક્યાંય વધુ સારા નેતાઓનું મોટું લિસ્ટ છે તો શા માટે મીડિયામાં આ લોકોને મહત્વ આપવાનું??? હાર્દિકે કોંગ્રેસ છોડી હવે ભાજપમાં જોડાશે, નરેશ પટેલ ફલાણી પાર્ટીમાં જોડાશે, અલ્પેશ ઠાકોર ક્ષત્રિય આગેવાન, જીજ્ઞેશ માવાણી એટલે તમામ વાલ્મિકી સમાજ આવી ગયો...અરે ભાઈ આ લોકો સામાજિક નેતાઓ છે તેઓ રાજકીય નેતાઓ બિલકુલ નથી... રાજકીય નેતા માટે પાયાનું લક્ષણ એ હોવું જોઈએ કે તેને નાત, જાત, સમાજ, સંપ્રદાય કે બીજું કોઈ લેવા દેવા ના હોય!! રાજકીય નેતા એ તમામ નાતીજાતિ કે સમાજ માટે સમદ્રષ્ટિ વાળો જ હોય... સમાજનો ડર બતાવી રાજકારણમાં આવનાર તમામ આગેવાનોએ સરદાર પટેલ, આંબેડકર જેવા નેતાઓ જોડેથી શીખવાની જરૂર છે કે તેઓએ ક્યારેય પોતાના સમાજની વાત નથી કરી...તેમણે હંમેશા ભારતની વાત કરી છે!!

ગુજરાતમાં ભાજપ, કોંગ્રેસ, આપ કે કોઈપણ પક્ષ આવા સામાજિક નેતાઓને પક્ષમાં સમાવતી વખતે તેમને સમાજના નેતા તરીકેના કપડાં ઉતારીને વૈચારિક શુદ્ધિકરણ કરીને જ પ્રવેશ આપવો જોઈએ... મારા જેવા હજારો યુવાનો ૧૫ વર્ષની ઉંમરથી એટલે કે ૩૫ વર્ષથી એક પક્ષને વફાદાર રહી તેમની સભાની ખુરશીઓ ગોઠવવાની કે પાથરણા પાથરવાની જવાબદારી નિભાવતા આવ્યા છે અને સભાનું આયોજન કરતા આવ્યા છે તેમની ઉપર પગ મૂકીને કક્કાના "ક" નું પણ જ્ઞાન ના હોય તેવા હાર્દિક, અલ્પેશ, જીજ્ઞેશ માટે મોટા ભાગના મતદારોને ખૂબ મોટી નારાજગી છે....

આજે ભાજપ ચાલે છે તો બાજપેયીજી, અડવાનીજી, મોદીજી, અમિતજી,રાજનાથજી, ગડકરીજી, યોગીજી, શર્માજી જેવા સેંકડો ભાજપ પ્રિય નિષ્ઠાવાન નેતાઓ અને લાખો કાર્યકરો થકી ત્યારે આવા તકવાદી લોકો પક્ષમાં જોડાઈને પક્ષની છબીને નુકસાન કરી રહ્યા છે... આવું ભાજપ જ નહીં કોંગ્રેસ સહિતના તમામ પક્ષમાં જોવા મળી રહ્યું છે જે બહૂજ ખોટું થઈ રહ્યું છે..

### પંચાયત મદદનીશ ઈજનેરની કામગીરી શંકામાં

## માલપુર તાલુકામાં આર.એન્ડ. બી.ના કરોડોના કામ ખોરંભે

### સ્થાનિક અધિકારી કોન્ટ્રાક્ટરને છાવરતા હોવાનો લોક આરોપ

બાયડ, તા. ૨૧

માલપુર તાલુકામાં આર.એન્ડ.બી. જિલ્લા પંચાયતના પ્રધાનમંત્રી સડક યોજના, મુખ્યમંત્રી સડક યોજનાના સહિતના કરોડોના કામ ખોરંભે પડ્યા છે. જેમાં માલપુર તાલુકાના મદદનીશ ઈજનેરની કામગીરી પણ શંકામાં હોવાના લોક આરોપ લાગ્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર વડાપ્રધાન અને મુખ્યમંત્રી યોજનાઓમાં જ માલપુર તાલુકામાં નબળી કામગીરી થતી હોય તો શું સમજવું. છેલ્લા કેટલાય સમયથી કોન્ટ્રાકટરો અધિકારીને ગાંઠતા ન હોવાના આક્ષેપ છે. ત્યારે રાજ્ય સરકાર આગામી વર્ષમાં અંતમાં વિધાનસભા ચૂંટણી યોજાનાવાની હોવાથી તમામ કામો ઝડપથી પૂરા થાય તેવા આદેશ આપ્યા છે. પરંતુ માલપુર તાલુકામાં જરૂરી રસ્તાના કરોડોના કામો ખોરંભે પડતાં સરકારની છબી ખરડાઈ રહી છે. તપાસ થાય તો તાલુકા મદદનીશ ઈજનેર કેમ ચૂંપ છે...!! કયા ભારણ હેઠળ દબાયા છે તેની અનેક ચોંકાવનારી વિગતો સામે આવી શકે છે. છેલ્લા કેટલાય સમયથી કોન્ટ્રાકટરો સાથે અધિકારીની બેઠકો પણ જિલ્લા અને રાજય સ્તરે ચર્ચાનો વિષય બની છે.

## બનાસકાંઠા એલસીબી પોલીસે ધાનેરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક દારૂ ભરેલી ગાડી ઝડપી પાડી



ધાનેરા તા. ૨૧

બનાસકાંઠા એલસીબી પોલીસે ધાનેરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગાડીમાંથી ૨ લાખ ૭૧ હજારનો દારૂ ઝડપી પાડયો છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી.પરમાર નો અહેવાલ જણાવે છે કે,એલસીબી પોલીસને બાતમી મળી હતી કે, એક શિફ્ટ ગાડી દારૂ ભરીને રાજસ્થાન તરફથી ગુજરાત તરફ આવનાર છે. જે આધારે એલસીબી પોલીસે ચેકિંગ દરમિયાન (GJ-01-RY-3001)માંથી ૧૬૨૪ દારૂની બોટલો મળી આવી હતી. જેની કિંમત ૨ લાખ ૭૧ હજાર ૪૦ રૂપિયાનો દારૂ સહીત કુલ ૫ લાખ ૮૧ હજાર ૪૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી બે ઈસમોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.